સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના
(ચોથો તબક્કો) – ચેકડેમ મરામત બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૦૮/આઇબી/૮૭૯/૪૨૯/ભાગ-૧/ક-૨,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૧/૨૦૧૪.

સંદર્ભ: સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૧૩/૪૭૧૩/(૪૮)/ક-૨, તા.૦૩/૦૯/૨૦૧૩.

**પુર્વભુમિકા:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના તા:૧૭/૦૧/૨૦૦૦ ના ઠરાવથી રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ. આ યોજના હેઠળ હાલમાં બાંધવામાં આવતા ચેકડેમોમાં રાજય સરકારનો ફાળો ૮૦ ટકા અને લોકફાળો ૨૦ ટકાના ધોરણે સમગ્ર રાજય માટે નિયત કરવામાં આવેલ. આ યોજના હેઠળ બાંધવામાં આવતા ચેકડેમો માટે પ્રાયોજકશ્રી/સંસ્થાએ નિયત ફોર્મમાં અરજી કરી સરકારશ્રી સાથે કરાર કરવાનો રહે છે. આ કરારની શરત નં.૭ માં ઉલ્લેખ કરવામાં આવેલ છે કે "કામ પૂર્ણ થતા તેને જાળવવાની તથા જરુરી મરામતની ભવિષ્યની તમામ જવાબદારી અમારી રહેશે." હાલમાં તા.૦૩/૦૯/૨૦૧૩ નાં ઠરાવથી તમામ ચેકડેમનાં બાંધકામ ટેન્ડરથી બાંધવાનું નિયત કરવામાં આવેલ છે.

પ્રાયોજકશ્રી/સંસ્થા સાથે કરવામાં આવતા કરારનામાની શરત નં.૭ માં કામ પૂર્ણ થતા તેને જાળવવાની તથા જરુરી મરામતની તમામ જવાબદારી પ્રાયોજકની હોવાનું જણાવેલ, જેમાં મરામતનો ખર્ચ કોણે કરવાનો રહે તે અંગે કોઇ ઉલ્લેખ નથી. જો મરામત અને નિભાવણીની જવાબદારી પ્રાયોજકની હોય તો ભવિષ્યમાં પ્રાયોજક યોગ્ય રીતે મરામત કે નિભાવણી ન કરી શકે. આ સંજોગોમાં વિભાગ પણ મરામત અને નિભાવણીનો ખર્ચ ન કરી શકે તો એકંદરે સ્ટ્રકચર વધુને વધુ નુકશાન પામતું રહે. પ્રાયોજકો સ્વખર્ચે મરામત અને નિભાવણી કરી શકે તે સંભાવનાં ઓછી છે. આમ ચેકડેમ બિનઉપયોગી હાલતમાં રહેવાનાં કારણે લોકહિત જળવાતું નથી. જેને અનુલક્ષીને જરુરી સુધારો કરવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ બાંધવામાં આવતા ચેકડેમો માટે પ્રાયોજકશ્રી/સંસ્થા સાથે કરવામાં આવતા કરારની નીચે જણાવેલ શરત નં.૭ આથી રદ કરવામાં આવે છે.

શરત નં.૭: કામ પૂર્ણ થતા તેને જાળવવાની તથા જરુરી મરામતની ભવિષ્યની તમામ જવાબદારી અમારી રહેશે.

આમ ચેકડેમ બિનઉપયોગી હાલતમાં રહેવાનાં કારણે લોકહિત જળવાતું ન હોઇ હવેથી ચેકડેમનાં મરામતની કામગીરી વિભાગે સરકારશ્રીનાં વખતો વખતનાં ઠરાવોને ધ્યાને લઇ મરામત પહેલાનાં અને પછીનાં ફોટોગ્રાફસ લઇ જરુરી દસ્તાવેજ/રેકર્ડ નિભાવી કરવાની રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમે અને તેમનાં નામે.

(કે.પી.ગાંધી)
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ,

માનનીય મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,

માનનીય રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી (જ.સં.) નાં અંગત મદદનીશશ્રી,

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, (સૌ.અને કચ્છ વિસ્તાર),

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ, (ગુજરાત ક્ષેત્ર),

તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી આયોગ ભવન, સેકટર-૧૦/બી, ગાંધીનગર,

સચિવશ્રી, (જ.સં.) ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (સૌ) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી (સિં.યો.), ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,

અધીક્ષક ઇજનેરશ્રી, ન.જ.સ.પા.પુ.અને ક. વિભાગ, (તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.